અપીલ અરજી નં.૧૯૩ તા.૨૮–૭–૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી પ્રમુખશ્રી ડાયમંડ પાર્ક એપા.કો.ઓ.હા.સો.લી
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી પ્રમુખશ્રી ડાયમંડ પાર્ક એપા.કો.ઓ.હા.સો.લી.ની તા.૧–૭–૧૧ ની અરજીથી મુદ્દા નં. (૧) ફાળવેલ ગુમાસ્તા લાયસન્સમાં સોસાયટીના પ્રમુખશ્રીનું NOC જરૂરી છે કે નહીં તે બાબત.વિ.મુદ્દા નં.(૧) થી (૩)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૮–૭–૧૧ ની **SMC/FAP/** નં.૧૯૩/૨૦૧૧–૧૨

શ્રી પ્રમુખશ્રી ડાયમંડ પાર્ક એપા.કો.ઓ.હા.સો.લી.ની તા.૧–૭–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) ફાળવેલ ગુમાસ્તા લાયસન્સમાં સોસાયટીના પ્રમુખશ્રીનું **NOC** જરૂરી છે કે નહીં તે બાબત.વિ.મુદ્દા નં.(૧) થી (૩)ની માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં. સી.ઝેડ/એસ એન્ડ ઈ/ આઉટવર્ડ/ ૧૧૮ તા.૧૫/૭/૧૧ થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૮–૭ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા સાથે મુદ્દા નં.(૧) અંગે ગુમાસ્તા કાયદાની જોગવાઈ પણ જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૯૦ તા.૫–૮–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન) તથા અરજદારનેઅપીલ અરજીમાં તેમણે મુળ અરજીથી માંગેલ માહિતી, ફી ભર્યાની વિગત જણાવેલ ન હોય જે રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી.ઝેડ/એસએન્ડઈ/આ.નં.૧૪૩ તા.૨૫–૮–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, કેપીટલ ટેલર્સનું નમુના–એ ના ભરેલા ફોર્મની નકલ, ડાયમંડ પાર્ક એપાર્ટ. કો.ઓ.હા.સો.લીની તા. ૧૭–૨–૯૫ રસીદ નં.૧૧૩ ગ્રાઉન્ડ ફ્લોર ૯–બીની રસીદની નકલ, અરજદારને તેમની આઈ ડી નં.૩૧૫ તા.૮–૬–૧૧ ની અરજી બાબતે સદર લાયસન્સની આપેલી વિગત અંગે પત્ર નં.સી.ઝેડ/એસએન્ડઈ/ ૧૦૩ તા.૨૪–૬–૧૧ ના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સી.ઝેડ/એસએન્ડઈ/આ.નં.૧૧૮ તા.૧૫–૭–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૧–૭–૧૧ આઈ ડી નં.૪૬૦ ની અરજી અરજદારે આઈ ડી નં.૩૧૫ તા.૮–૬–૧૧ ના સંદર્ભે ગુમાસ્તા લાયસન્સ અંગે મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી.ઝેડ/એસએન્ડઈ/૧૧૮ તા.૧૫–૭–૧૧ થી નિયત સમય અવધિમાં અરજીના મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવામાં આવેલ. જેના સંદર્ભે અરજદારે આપવામાં આવેલી માહિતી પાયા વિહોણી અને ગેરસમજ ઉપજાવનારી તથા હકીકતથી વેગળી હોવાનું જણાવી તા.૨૮–૭–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. અરજદારની અરજીના મુદ્દા નં.(૧) અમારી સોસાયટી રજીસ્ટર સોસાયટી છે તો આપે ફાળવેલ ગુમાસ્તા લાયસન્સમાં સોસાયટીના પ્રમુખશ્રીનું **NOC** જરૂરી છે કે નહીં તે જણાવશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી રેકર્ડ જોતાં આવી કોઈ માહિતી ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે અપીલમાં પાયા વિહોણી અને ગેરસમજ ઉપજાવનાર હકીકતથી વેગળી માહિતી આપેલ છે એસએમસી તરફથી ફાળવવામાં આવતાં ગુમાસ્તાધારા લાયસન્સમાં રજીસ્ટર સોસાયટી હોવાને નાતે પ્રમુખશ્રીના એન.ઓ.સી. પત્રની જરૂર છે કેનહીં તે માટે બીપીએમસી એકટમાં શું જોગવાઈ છે તેવી રજૂઆત કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી આપેલ પૂરક વિગતોમાં મુંબઈના દુકાનો અને સંસ્થાઓના અધિનિયમ–૧૯૪૮ ની કલમ–૭(૨) હેઠળ સંસ્થાની નોંધણી કરવામાં આવ્યેથી " પત્રક અને ફી મળે એટલે " ઈન્સ્પેકટરે પત્રકના ખરા પણા વિશે પોતાને ખાતરી થયેથી ઠરાવવામાં આવે તે રીતે સંસ્થાઓના રજીસ્ટરમાં તે સંસ્થાનું રજીસ્ટ્રેશન કરવું અને ઠરાવેલ નમુના પ્રમાણે રજીસ્ટ્રેશનનું પ્રમાણપત્ર માલીકને કાઢી આપવું જોઈએ જે અધિનિયમ હેઠળ એનઓસી માંગવાની જરૂરીયાત નથી. જેની નકલ રૂપિયા ભર્યેથી મળી શકશે તેવું જણાવેલ છે. અરજદારે અપીલ તબકકે બીપીએમસી એકટની જોગવાઈઓની માહિતી મુળ અરજીથી અલાયદી માંગણી કરેલ છે. મુદ્દા નં.(૨) ફાળવેલ લાયસન્સમાં રજૂ કરેલ તમામ દસ્તાવેજ પુરાવાઓની વિગત અને નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારીએ નમુના ફોર્મ "એ" સાથે નીચે મુજબના પુરાવા રજૂ કરવામાં આવેલ. (૧) ડાયમંડ પાર્ક એપાર્ટ કો.ઓ.હા.સો.લી. ના શેર ફાળાની રસીદની નકલ. જે અંગે દસ્તાવેજી પુરાવાની વિગત અને નકલની પણ માંગણી કરેલ છે જે અંગે સદર પુરાવા જોગ કુલ પાના નંગ–૩ જે આરટીઆઈ કાયદા–૨૦૦૫ના નિયમ–૫(૧)(૨) (ક) ના અનુક્રમ નં.૧ માં જણાવ્યા મુજબ ૧ પાનાદીઠ રૂા. ૨ પ્રમાણે કુલ પાના –૩ ના રૂા.૬/– ભરવાથી માંગેલ માહિતીના પુરાવા મળી શકે તેમ છે તેવું જણાવેલ છે. પરંતુ તે

નાણા ભરી અરજદારે માહિતી મેળવેલ છે કે કેમ? તે અંગે અપીલ તબકકે પૂરક વિગતો માંગવા છતાં તેઓ તરફથી કોઈ વિગતો જણાવવામાં આવેલ નથી. તેમજ જાહેર માહિતી અધિકારીએ પણ તે બાબતે કોઈ પ્રકાશ પાડેલ નથી. જેમાં અરજદારે અપીલમાં એક વખત તપાસમાં શું માલુમ પડયું અને તે માટે કઈ કાર્યવાહી કરવામાં આવી હતી. જે અંગે જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં મુંબઈના દુકાનો અને સંસ્થાઓના અધિનિયમ–૧૯૪૮ તા.૧૨–૬–૧૧ ના રોજ તપાસ કરી કલમ–૧૮(૧–બ) (બ) , ૬૨(બ), ૫૧ હેઠળ સંસ્થા કેપીટલ ટેલર્સના માલિક રતીલાલ પરસોત્તમ રાઠોડ વિરુધ્ધ મ્યુ. નામદાર કોર્ટમાં ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૩) લાયસન્સ ફાળવ્યા તારીખથી આજ રોજ સુધી દુકાન ઠરાવેલ સમય કરતાં વધુ ખુલ્લી રહે છે તથા રવિવારે પણ ચાલુ રહે છે તો આ માટે તમારા તરફથી કેટલી વાર વીઝીટ થઈ છે અને કાર્યવાહી થઈ છે કે નહીં? તેની વિગત આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી રેકર્ડ જોતાં એક વખત તપાસ કર્યાનું માલુમ પડેલ છે. જે અંગે અરજદારે અપીલમાં લાયસન્સ ફાળવ્યા તારીખથી આજ દિન સુધી દુકાન ઠરાવેલ સમય કરતાં વધુ ખુલ્લી રહે છે તથા રવિવારે પણ ખુલ્લી રહે છે તો આજ સુધી ફકત એક જ વખત કેમ તપાસ થઈછે તેનો ખુલાસો કરશો. જે અંગે જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં આવી કોઈ માહિતી આપવાની રહેતી નથી. આરટીઆઈ એકટ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડની માહિતી આપવાની હોય છે અભિપ્રાય કે ખુલાસાઓ રજુ કરવાના હોતા નથી. તેવું જણાવેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા ૨(જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની ભૌતિક સ્વરૂપે દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.

જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મુળ અરજીથી માંગેલ માહિતીના મુદ્દા નં.૧ અંગે તા.૧૫–૭–૧૧ ના રોજ દફતરી રેકર્ડ જોતાં આવી કોઈ માહિતી ઉપલબ્ધ નથી તેવો આપેલ પ્રત્યુત્તર જોગવાઈ સાથે સુસંગત નથી. જયારે મુદ્દા નં.૨ અંગે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નિયત સમય અવધિમાં દસ્તાવેજ મેળવી લેવા જણાવેલ. મુદ્દા નં.૩ અંગે માંગેલ માહિતી પ્રથમ તબકકે પૂરી પાડેલ હોઈ તેટલા પૂરતી તકરારને સ્થાન નથી.

હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧–૭–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૧ પૂરતી પૂરક વિગતોમાં જણાવેલી માહિતી અરજદારને પૂરી પાડેલ ન હોઈ આરટીઆઈએકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

અરજદારના અરજીના મુદ્દા નં.૨ અંગે જાહેર માહિતી અધિકારીએ રજૂ કરેલ પ્રસ્તાવ અનુસાર નાણા ભરપાઈ કરી માહિતી મેળવવા અરજદાર સ્વતંત્ર છે. જયારે અપીલના મુદ્દા નં.૧ માં અરજદારે બીપીએમસી એકટની શું જોગવાઈ છે તે અંગેની વિગતો મુળ અરજીથી અલાયદો અપીલ તબકકે ઉપસ્થિત કરેલ પૂરક પ્રશ્ન અંગે આરટીઆઈ એકટની જોગવાઈ અને નિયમ અનુસાર અલાયદી અરજી કરી અરજદાર માહિતી મેળવવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), ....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી પ્રમુખશ્રી ડાયમંડ પાર્ક એપા.કો.ઓ.હા.સો.લી,